# -: રૂસુમાતે દાઅવત અને જમાઅતનો શિરાઝો :-

દાઅવતના કિતાબોમાં જે જગાઓ (મૌઝેઅ) માં પણ દાઅવતના લફઝની ઝિક્ર આવી એના સાથે હિદાયત, નસીહત, તહીકત અને વતીરતના અલ્ફાઝ જોડાયેલા છે સબબ કે, અલ્લાહતઆલાએ ખલ્કમાંથી બદતમીઝી અને ગુમ્રાહીને દૂર કરવા રોઝે રઝલથી રાહે હક્ક અને સિરાતે મુસ્તકીમ પર લોગોને ચલાવવા દાઅવતની નેઅમતનો સરઅંજામ કીધેલો છે અને આ દાઅવત ફક્ત રૂહાની બલંદી વાસ્તે જ નથી પણ જિસ્માની આલમમાં સમાજ અને ઈજતેઆઅ, મઆશ-મઈશતની તન્ઝીમ વાસ્તે ખાસ છે. દાઅવતે હાદીયાહ મુમિનની ઝિંદગીના હર પેહલૂ અને શોઅબામાં રાહનુમાઈ કરે છે અને સાહેબે દાઅવત હર ઝમાનમાં રહેમતના ખમીયા બનીને મુમેનીનના દરમિયાન અલ્લાહ તરફથી પોતાના મરતબાને બરકરાર રાખવા ખલ્કની અઝીમ ખિદમત અંજામ આપે છે અને આપ હકીકતન આજના ઝમાનમાં ઈમામુઝઝમાનના સતર થયા બાદ હમારે વાસ્તે એક શમાઅ અને નૂરાની ચરાગ છે જેને પાછલ રહીને મુમેનીન ઝોલોમાતમાં પોતાની રોશન ગુઝર-ગાહ બનાવી લે છે.

દાઅવતના દાએરાનુ મરકઝ જે જે ઝમાનમાં અંબિયા, ઔલિયા, અઈમ્મત અને દોઆત (સ.અ.) બના તેમ તેમ લોગોના હાલાતને મુતાબિક અને ઝમાનાની રવિશ મુજબ શરીઅતના પૈરાયામાં રહીને તમામે ઈન્સાનની ઝિંદગીની ઈબ્તેદાથી લઈને તેના મૌત તકની નાની-મોટી રૂસુમાતને મુમેનીનને દરમિયાન રાઈજ કીધી અને તે રસમો પર ચલાવી અલ્લાહથી રહેમત હાસિલ કરવા ઉપર આમાદહ કીધા. રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) આ ખલ્કમાં અકમલુશ શરીઅત અને અહસનુદ દીન બેહતરમાં બેહતર મઝહબ લઈને પધારા અને હકીકી ઈસ્લામી નહેજ તેમજ રૂસુમાત મોહંમદીયાહની અસાસ અને બુનિયાદ અઈમ્મતે આલે મોહંમદ (અ.સ.) ની ઈમામતના ઝમાન મુબારકમાં મુકવામાં આવી. આ પાકીઝા રૂસુમાતનો સિલસિલો અપના તૈયેબી દોઆતે અકરમીન (આ.કુ.) એ તેની અસ્લી સૂરતમાં મુમેનીનની જમાઅતમાં સાચવી રાખો, જારીયા-સારીયા રાખો, તેની હિફાઝત કીધી અને તેની હકીકતને મુમેનીનના દિલોમાં તાઝા રાખી.

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) એ આપના દુખ્તરે નેક ખિસાલ, નૂરે નઝર મૌ. ફાતેમા ઝહરા (અ.સ.) ની નિસ્બત આપના કાકાજીના દિકરા અને આપની દાઅવતના નાસિરો મોઈન મૌલા અલી (અ.સ.) સાથે કીધી અને આપના દામાદ ખાસ બનાવા. આ નૂરાની રિશ્તાની રસમને ૪૧ માં દાઈએ મુત્લક સૈયદના ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) એ એ મુજબ શિક્લ આપી કે, જમાઅતના હર અદનઓ આઅલા, અમીરો ગરીબ તમામ મુમેનીન આ રસ્મે નિસ્બતને પૂરી ખુશી અને જોશો ખરોશ સાથે અંજામ આપી શકે. આ રસમમાં સાહેબે દાઅવતનો કિરદાર મખ્સૂસ હોય છે જેમાં નિસ્બતની મજલિસમાં સાહેબે દાઅવત દીકરા વાસ્તે તમામ સાહબોની હાઝરીમાં દીકરીવાલાને નિસ્બતની અરઝ અને પૈશકશ કરે છે અને તે પૈશકશ કુબૂલ થયા બાદ દીકરી તરફના સાહેબોને ૧૦૦૦ રૂપિયાની રકમના હદીયા એક પેકેટમાં સજાવીને ઈનાયત કરે છે. આ ૧૦૦૦ રૂપિયાની રકમથી બેવે ફરીકૈનને દરમિયાન રિશ્તો મુકર્રર થાય છે. સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ના ઝમાનમાં ૨૦૦ રૂપિયાની મહેરની રકમ મુકર્રર કરવામાં આવી હતી મગર ઝમાનાના તકાઝાના સબબ પાઁચ સાલ પહેલા હુઝૂરેઆલી (ત.ઉ.શ.) એ આ રકમમાં ઈઝાફો કરીને ૧૦૦૦ રૂપિયા કીધા છે. યાઅની ૧૦૦૦ રૂપિયામાં કોઈ પણ મુમિન એક પાક સીરત મુમેના સાથે અકદ કરી શાદીશુદા ઝિંદગીની ઈબ્તેદા કરી શકે છે. હવે એ મુમિન પર દારેમદાર રાખે છે કે જે વક્ત મુમેના બૈરો એના ઘરમાં શબ-બસરી વાસ્તે આવે તે એની માલી તાકત મુજબ જેટલું ચાહે એટલું મહેરમાં આપી શકે છે.

રિશ્તો મુકર્રર થયા બાદ મજલિસના તમામ સાહબોને શરબત પીવડાવવામાં આવે છે. આ સાથે ચાવલ, ખાંડ અને સુકા મેવાથી તૈયાર કરવામાં આવેલુ સુદન્નું એક થાલમાં ભરી સજાવવામાં આવે છે અને રિશ્તાના તય થાવાની ફરહતના ઈઝહાર વાસ્તે રિશ્તેદારો, દોસ્ત-બિરાદરો અને ખ્વેશો અહબાબમાં સોદન્નાને તકસીમ કરવામાં આવે છે. બેવે ફરીકૈન એકબીજાને ત્યાં ઝિયાફત વાસ્તે જાય છે અને દીકરા તેમજ દીકરીને હદીયા-તોહફાથી નવાઝવામાં આવે છે.

સાહેબે દાઅવત હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ફરમાવે છે કે, “અલ્લાહતઆલા હર તૈયેબી અલવી મુમિનની ઔલાદને નૈક અને પાક રિશ્તા નસીબ કરી. હમારા ફરઝંદોને પાકીઝા સીરત-સૂરત, આબેદા, ઝાહેદા, તાહેરા, શાકેરા, સાબેરા દુખ્તરો સાથે નિસ્બત અને રિશ્તો અતા કરે અને હમારા આ સૈયદના અલી સાહેબ (ક.રૂ.) ની હક્કની જમાઅતના ચમન, ગુલિસ્તાન અને શીરાઝાને હર વક્ત સરસબ્ઝ, શાદાબ અને ચહેકતો-મહેકતો રાખે એવી રબ્બુલ ઈઝઝતે વલ જલાલની બારગાહે આલીમાં દુઆ છે.”

દાઅવતના અયવાને તૈયેબીમાં પણ આ રસ્મે પાકનો અવસર અલ્લાહતઆલાએ મયસ્સર કીધો. માઝૂનુદ્દાઅવત સૈયેદી હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (દા.મ.) ની દુખ્તરે નૈક અખ્તર અસ-સૈયેદાહ મૈયમનાહની નિસબતની રસમ દાઅવતના મરકઝ પર હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ની હાઝરીમાં તા. ૧૪ શવ્વાલ ૧૪૨૭ના દિન અદા થઈ જેની તસ્વીરો અપની વેબસાઈટ પર મન્ઝરે આમ પર મુકવામાં આવેલી છે. આ રૂસુમાતની તસાવીરનો મુમેનનિ મુશાહેદો કરે એમ ગુઝારિશ છે. ★